**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૪ ટકા

# હવે, શહેરમાં બે આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ

## મહાનગરપાલિકા દ્વારા મહાનુભાવોની ઉપસ્થિતિમાં બે એમ્બ્યુલન્સ અને ૫ વેન્ટીલેટરનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૫

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ના કપરા કાળમાં ગાંધીનગરના વસાહતીઓની મહામુલી જીંદગીઓ બચાવવા માટે મેયરશ્રી રીટાબેન પટેલની ગ્રાન્ટમાંથી ખરીદવામાં આવેલા ૫ વેન્ટીલેટર અને ૨ આઈસીયુ ઓન વ્હિલ્સ અમ્બ્યુલન્સનું તારીખ ૫મીએ ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના હસ્તે મહાનગર પાલિકા ખાતેથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, મેયર રીટાબેન પટેલ અને મહાનગર ભાજપ પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં. જ્યારે સંગઠનના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતાં.

મેયર રીટાબેન પટેલે જણાવ્યું કે ગત તારીખ ૧૯મીએ મ્યુનિસિપલ કમિશનર રતનકંવર ગઢવીચારણને પત્ર પાઠવીને તેમની વર્ષ ૨૦૨૦-૨૧ની વિવેકાધિન ગ્રાન્ટમાંથી ૫ નંગ વેન્ટીલેટરની ખરીદી કરીને હોસ્પિટલ કે સંસ્થાને ફાળવવા માટે જાણ કરી હતી. આ ઉપરાંત અગાઉ વર્ષ ૨૦૧૮-૧૯ની ગ્રાન્ટમાંથી એક એમ્બ્યુલન્સ ખરીદવા ભલામણ કર્યા બાદ ગત તારીખ ૨૬મીએ વધુએક એમ્બ્યુલન્સ વર્ષ ૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી ખરીદ કરીને મહામારીના સંજોગોને ધ્યાનમાં રાખી દિન ૭માં તેના સંબંધની ભૌતિક કાર્યવાહી પૂર્ણ કરવા માટે જણાવ્યુ હતું.

કોરોના મહામારીની ગંભીરતાને ધ્યાને રાખીને મહાનગર પાલિકા તંત્ર દ્વારા ઉપરોક્ત જીવન રક્ષક સાધનોની ખરીદ પ્રક્રિયા ઝડપભેર અને સમયસર પૂર્ણ કરવામાં આવી છે અને તારીખ ૫મીએ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવતા મહામારી સામેનો જંગ જીતવા માટે તંત્ર વધુ મજબુતીથી આગળ વધશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જેણે વેક્સિનનાં બંને ડોઝ લીધા છે એમણે મરવાનું નથી... વેક્સીનેશન પ્રોગ્રામને નુકશાન થાય છે...!!

# પનઘટ દ્વારા સે-૨૩માં અરવિંદ કેન્દ્ર ખાતે રક્તદાન શિબિર





ગાંધીનગર તા.૫

ગાંધીનગરની કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા સેક્ટર-૨૩માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે શ્રદ્ધાદિપ લેબોરેટરીના સહકારથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં મોટી સંખ્યામાં યુવાન યુવક અને યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રક્તદાન શિબિરમાં ૩૬ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું અને આ સાથે કેટલાંક કોરોનામાંથી સાજા થયેલા દાતાઓએ પ્લાઝમા ડોનેશન માટે રક્ત આપ્યું હતું. આ રક્તદાન શિબિરમાં રક્તદાતાઓ માટે પનઘટ દ્વારા ચા, કોફી, બિસ્કીટ, લીંબુ પાણી વગેરે વ્યવસ્થા કરવામાં આવી હતી અને દરેક દાતાઓને શુભેચ્છા ભેટ, સેનેટાઈઝર ઉપરાંત એન-૯૫ માસ્ક આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોરોના પ્રોટોકોલ મુજબ સંસ્થાના સંચાલક ભાવિન પટેલ અને સભ્યોના સહકારથી કરવામાં આવ્યુ હતું.

# શહેરમાં પ્રાઈવેટ આઈસોલેશન બેડ રેડી

ગાંધીનગર, તા. ૫

કોરોનાના આ સમયગાળામાં હોમ કેર થાય તેવું દરેક ઈચ્છે છે. માઈલ્ડ સિમટમ્સ હોય ત્યારે ડૉક્ટર દર્દીને પોતાને ઘરે જ રહીને મેડીકેશન કરવાની સલાહ આપતા હોય છે અને દર્દી હોમ આઈસોલેશનમાં ૧૪ દિવસ સુધી રહે છે. પરંતુ જ્યારે ઘરના દરેક સભ્યોમાંથી કોઈ એકને જ કોરોના આવે અથવા ઘરે આઈસોલેશન ન હોય તેવા દર્દીઓ માટે શહેરની નાની મોટી તમામ હોટલોમાં આઈસોલેશન બેડ રેડી કરાયા છે. જેની કિંમત દિવસ દીઠ રૂ. ૨૦૦૦ થી ૫૦૦૦ રાખવામાં આવી છે. આ સાથે દર્દીઓ માટે અનેક સુવિધાઓનો સમાવેશ પણ કરવામાં આવી રહ્યો છે.



કોરોનાના વધતા જતા કેસ સામે શહેરીજનો લડત આપી રહ્યા છે. શહેરમાં આજે ઘરે ઘરે કોરોના છે ત્યારે ઘણીવાર એવુ બને કે ઘરના તમામ સભ્યોને કોરોના હોય અથવા તો કોઈ એકને જ હોય અનેક પરિસ્થિતિમાં એકબીજાનું ધ્યાન ન રાખી શકાય તેમ હોય ત્યારે આઈસોલેશન માટેની જગ્યા શોધવી પડતી હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને શહેરની પ્રાઈવેટ હોટલોમાં કોવિડ આઈસોલેશન સેન્ટર શરૂ કરાયા છે. જ્યા આઈસોલેટ થયેલા દર્દીને સવારથી લઈ રાત્રિ સુધી ગરમ પાણી, જ્યુસ, જમવાનુ, ચેકઅપ, રૂટિન મેડિસીન જેવી જરૂરિયાતની ચીજવસ્તુઓ અપાય છે. અને કોવિડ દર્દીનું ધ્યાન રાખવામાં આવે છે. શહેરીજનો માટે પણ આમ તો આ સગવડભરી વ્યવસ્થા છે કે જ્યારે માઈલ્ડ સિમટમ્સ સાથે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર ન હોય અને ઘરમાં ઉંમરલાયક પરીવારજનોને તકલીફ ન આપવી હોય કે કોઈપણ કારણથી દર્દી આવી કોઈ હોટલનો કોવિડ આઈસોલેશન સેન્ટરમાં ભરતી થઈ શકે છે. જ્યા તેને ઘર જેવી જ કેર મળી રહે છે. જાણવા મુજબ આ પ્રાઈવેટ હોટલોમાં આઈસોલેશન બેડનો ખર્ચ દિવસ દીઠ ૨૦૦૦ રૂ થી ૫૦૦૦ રૂ. સુધીનો છે.

# કોરોનાકાળમાં માનસિક તણાવ સાથે નિરાશામાં વધારો થયો

**છેલ્લાં પાંચ વર્ષની સરેરાશની સરખામણીએ વર્ષ-૨૦૨૦માં જીવન આસ્થા હેલ્પલાઈનને ૫૨ ટકા કોલ્સ વધુ મળ્યાં : આપઘાતના પ્રયાસના 330 કોલ્સ મળ્યાં : ૧૯ થી ૩૫ વયજુથના સૌથી વધુ કોલ્સ જેમાં નોકરી જતી રહેવી કે વેપાર-ધંધા પડી ભાંગવાથી આર્થિક સંકડામણની સમસ્યાના કોલ્સ વધ્યાં**

ગાંધીનગર, તા. ૫

છેલ્લાં એક વર્ષ કરતાં વધુ સમયથી સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીએ ભરડો લીધો છે અને દેશભરમાં અત્યારે કોરોના સંક્રમણની સ્થિતિ અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચી છે. ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં પણ કોરોના વાયરસના વ્યાપક સંક્રમણને કારણે ઘેરી અસરો જોવા મળી રહી છે જેના પગલે છેલ્લાં એક વર્ષમાં નાગરિકોમાં નિરાશાનું પ્રમાણ ખૂબ વધી ગયેલુ જણાય છે. રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ચલાવાતી જીવન આસ્થા હેલ્પલાઈનના આંકડા જોઈએ તો વર્ષ ૨૦૧૯ની સરખામણીએ વર્ષ ૨૦૨૦માં જીવનઆસ્થાને મળતા કોલ્સમાં ૨૯ ટકાનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત ૨૦૨૧માં મળી રહેલા મોટા ભાગના કોલ્સમાં કોરોનાને કારણે નોકરી ગુમાવવા, વેપાર-ધંધા પડી ભાંગવા વગેરેથી સર્જાયેલી આર્થિક સંકડામણને કારણે આપઘાત કરવા સુધીના ખોટા વિચારો આવતા હોવાની ફરિયાદ વધવા પામી છે.

જીવનઆસ્થા હેલ્પલાઈનનો તા. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૫ થી પ્રારંભ કરવામાં આવ્યો છે, આ હેલ્પલાઈન પર ૨૦૨૦ સુધીમાં કુલ ૮૦,૨૬૧ કોલ્સ પ્રાપ્ત થયાં હતા. આ આંકડા મુજબ છેલ્લાં પાંચ વર્ષની સરેરાશ જોઈએ તો પ્રતિ વર્ષ ૧૫,૫૧૫ કોલ્સ જીવનઆસ્થાને મળી રહ્યાં છે તેની સામે એકલાં વર્ષ ૨૦૨૦માં જ કુલ ૨૩,૬૮૮ કોલ્સ મળ્યાં હતા એટલે કે પાંચ વર્ષની સરેરાશ કરતા ૫૨ ટકા કોલ્સ વધુ પ્રાપ્ત થયાં છે. વર્ષ ૨૦૨૦માં કોરોના કાળના કારણે લાગેલા લોકડાઉનમાં નાગરિકોની આર્થિક પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. આ વર્ષમાં ૩૩૦ વ્યક્તિઓએ પોતે આપઘાત કરવાની તૈયારી કરી રહ્યાં હોય અથવા કોઈએ આપઘાતનો પ્રયાસ કરતાં જોયા હોય ત્યારે મળેલા કોલ્સ છે. આ ઉપરાંત ૯૦૫ વ્યક્તિઓએ પ્રેમભંગ કે માનસિક તણાવના કિસ્સામાં, ૫૩૪ વ્યક્તિઓએ પારસ્પરિક વિખવાદમાં, ૧૧૨ વ્યક્તિઓએ શિક્ષણ કે પરીક્ષા અંગેની સમસ્યામાં તેમજ ૫૧ વ્યક્તિઓએ વ્યવસાયિક કારણોસર જીવનઆસ્થાની મદદ માંગી હતી. માનસિક તણાવના કિસ્સામાં પણ નોકરી જતી રહેલી કે વેપાર ધંધો પડી ભાંગવાને કારણે આર્થિક સંકડામણની સ્થિતિના કિસ્સા વધુ પ્રાપ્ત થયાં હતા. નોંધપાત્ર વાત એ છે કે વર્ષ-૨૦૨૦માં જે કોલ્સ હેલ્પલાઈનને મળ્યાં છે તેમાં ૧૯ વર્ષથી માંડીને ૩૫ વર્ષની વય જુથના નાગરિકોના જ સૌથી વધુ કોલ્સ છે જે લગભગ બે તૃત્યાંશથી વધુ છે.

વર્ષ ૨૦૨૧માં પણ પહેલા ત્રણ માસમાં જીવનઆસ્થાને સરેરાશ ૨૧૨૫ સાથે કુલ ૬૩૭૫ કોલ્સ મળ્યાં હતા. આ ગાળા દરમ્યાન આપઘાતના પ્રયાસના કુલ ૧૧૯ કોલ્સ મળી ચુક્યાં છે જેમાં જીવનઆસ્થાના કાઉન્સિલર્સ દ્વારા કોલર સાથે સમજાવટથી કામ લઈને આપઘાતનો પ્રયાસ વિફળ બનાવી તેમની જીંદગી બચાવવામાં સારી એવી સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે જીવનઆસ્થા હેલ્પલાઈન શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૧૧૬ વ્યક્તિઓને તો રીવરફ્રન્ટ કે નર્મદા કેનાલ જેવા સ્યુસાઈડ પાઈન્ટ પરથી બચાવી લેવામાં આવ્યાં છે.

### જીવન પ્રત્યે આસ્થા વધારતી હેલ્પલાઈન

જીવનઆસ્થા હેલ્પલાઈન માનસિક તાણ અનુભવતા અથવા જીવનમાં કોઈ મુશ્કેલીમાં ફસાયેલા કે બોર્ડની પરીક્ષાઓ-પરિણામોના કારણે વ્યથિત થયેલા વ્યક્તિઓ-વિદ્યાર્થીઓને કાઉન્સિલિંગ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપી તેમની સમસ્યાને ઉકેલવામાં મદદરૂપ થતી તેમજ આપઘાતના પ્રયાસને અટકાવી જીવન પ્રત્યે આસ્થા વધારવાનું કાર્ય કરે છે. આ હેલ્પલાઈનમાં સામાન્ય દિવસોમાં સરેરાશ ૫૦ જેટલાં કોલ્સ આવતા હતા તે કોરોના કાળમાં લગભગ બમણાં થયાં છે. હેલ્પલાઈન લાયઝન અધિકારી પી.સી. વલેરાની દેખરેખમાં સાયકોલોજીમાં અનુસ્નાતક હોય તેવા ૭ કાઉન્સિલર્સ તથા એક પીએચડી થયેલા સિનિયર કાઉન્સિલર દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે.

### રાજ્યમાં દર માસે ૬૦૦ થી વધુ વ્યક્તિ આત્મહત્યા કરે છે

ગુજરાત વિધાનસભાના તાજેતરમાં યોજાયેલા બજેટ સત્રમાં ગૃહ વિભાગ દ્વારા રજૂ કરાયેલા આંકડા મુજબ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૧૪,૬૪૫ વ્યક્તિઓએ આપઘાત કર્યા છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૯૯૭૨ અને શહેરી વિસ્તારના ૪૬૭૩ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. રાજ્યમાં પ્રતિ માસ ૬૦૦ થી વધુ વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી જેમાં અમદાવાદ શહેરના ૧૮૦૩, સુરત શહેરના ૨૧૫૧, રાજકોટ શહેરના ૧૩૯૫ જ્યારે ગાંધીનગર શહેર સહિત જિલ્લાની ૪૪૫ વ્યક્તિઓએ અકાળે જીવન ટુંકાવ્યું હતું.

# કપૂરના ભાવમાં અધધ વધારો

## ઓક્સિજન વધારવા કપૂર, અજમા અને લવીંગની પોટલી બનાવીને સુંઘવાનો ઘરગથ્થુ ઉપચાર વધતા ડિમાન્ડ વધી

ગાંધીનગર, તા. ૫

એક સમયે સાવ સામાન્ય ગણાતા કપૂરની ડિમાન્ડ કોરોનાકાળમાં રાતોરાત વધી છે. પૂજા પાઠમાં વપરાતા કપૂરનો ઉપયોગ હાલમાં ઓક્સિજન બુસ્ટર તરીકે થઈ રહ્યો છે. કપૂર, અજમા અને લવીંગની પોટલી બનાવીને રાખવાથી અને વારંવાર તેને સુંઘવાથી શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાયેલુ રહેતુ હોવાનુ નિષ્ણાતોનું મંતવ્ય છે.

કોરોના કાળમાં અન્ય ઉદ્યોગ-ધંધામાં ભલે મંદી હોય પરંતુ આર્યુવેદિક દવાઓ અને ઔષધોનો વેપાર ત્રણ ઘણો વધ્યો છે. કપૂરનો ઉપયોગ સામાન્ય રીતે પૂજા પાઠમાં થાય છે. પરંતુ કોરોનાનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે કપૂરનો ઉપયોગ ઓક્સિજન બુસ્ટર તરીકે થવા માંડ્યો છે. ઘરગથ્થુ ઉપચાર તરીકે કપૂર, અજમા અને લવીંગની પોટલી બનાવીને સુંઘવાની સલાહ આપવામાં આવે છે. આથી કોરોનાના દર્દીઓની સાથોસાથ સામાન્ય લોકો પણ આ પોટલીનો ઉપયોગ કરવા માંડ્યા છે.

કપૂરની માંગમાં એકાએક જ વધારો થતા તેની કિંમતમાં પણ વધારો થયો છે. ૧૨૦૦ થી ૧૩૦૦ રૂ. કિલોના ભાવે વેચાતુ કપૂર હાલમાં ૧૭૦૦ થી ૧૮૦૦ રૂ. ના ભાવે હાલમાં વેચાઈ રહ્યું છે. એટલે કે કિલોએ ૫૦૦ થી ૬૦૦ રૂ.નો વધારો તેમાં જોવા મળી રહ્યો છે. તે જ રીતે અજમાના ભાવો પણ વધ્યા છે. લવિંગ અને મરીના ભાવો પણ આસમાને પહોંચ્યા છે. કપૂરની પોટલીથી ઓક્સિજન લેવલ વધે છે કે નહી તેના કોઈ પૂરાવા નથી પરંતુ પૂરક ઉપચાર તરીકે તેનો ઉપયોગ વધ્યો છે.



# ચંદ્રાલા ખાતેથી ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે બંધ પડેલી પીડબલ્યુડીની કચેરીની પાછળના ભાગે જુગાર રમતા ૬ જુગારીઓને ચિલોડા પોલીસે પકડી પાડ્યા છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન વિજયસિંહ તેજુસિંહને જુગાર અંગે બાતમી મળી હતી. પોલીસે પીડબલ્યુડીની કચેરી પાછળ રેઈડ પાડતા કુંડાળુ વળીને જુગાર રમી રહેલા ચંદ્રાલા ગામના વિષ્ણુજી ગાભાજી ઠાકોર, બચુજી ભવાનજી ચૌહાણ, મુકેશ ભલાજી ઠાકોર, પ્રકાશ બલભદ્રભાઈ શર્મા, અર્જુનજી બાબરજી ઠાકોર, મનહર ભીખાભાઈ સેનવાનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રૂ. ૧૦,૭૫૦ રોકડા, ૭ હજારના ૪ મોબાઈલ ફોન અને રૂ. ૬૦ હજારના ૩ બાઈક જપ્ત કરી પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ક-૫ પાસે થયેલી રૂ. ૨૮ લાખની લૂંટનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના ક-૫ પાસે થયેલી રૂ. ૨૮ લાખની લૂંટ પ્રકરણમાં સેક્ટર-૨૧ પોલીસે મુખ્ય સૂત્રધારને મહેસાણા ખાતેથી દબોચી લીધો છે. આ લૂંટમાં ૧૧ આરોપીની સંડોવણી બહાર આવી હતી. જે પૈકી ૯ આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. જેમાં સીઆઈડી ક્રાઈમમાં ફરજ પર આઉટ સોર્સીંગનો ડ્રાઈવર અને ૩ એસઆરપી જવાનની સંડોવણી સામે આવી હતી. મુખ્ય સૂત્રધાર સ્મિત પટેલને ઝડપી પાડવા પોલીસની વિવિધ ટીમો કામે લાગી હતી.



ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર એપોલો સર્કલ પાસે વડાપાઉંની દુકાન ધરાવતા વિપુલ બળદેવભાઈ પટેલને તેના મિત્ર જતીન માધાભાઈ પટેલના સાળા સાથે મુલાકાત થઈ હતી. જેમાં ટ્રસ્ટની નાની નોટોના બદલામાં મોટી નોટો આપવાની અને તે ઉપરાંત ૩૦ ટકા વધુ કમિશનની લાલચમાં રૂ. ૨૮ લાખની લૂંટ થઈ હતી. જેની ફરિયાદ સેક્ટર-૨૧ પોલીસમથકે નોંધાઈ હતી.

આ ફરિયાદની ગંભીર નોંધ લેતા જિલ્લા પોલીસ વડાએ સૂચનાઓ આપતા પોલીસની વિવિધ ટીમો કામે લાગી હતી. જેમાં એલસીબી પોલીસે તપાસ કરતા ગણતરીના કલાકોમાં સીઆઈ ક્રાઈમમાં આઉટસોર્સીંગમાં ફરજ બજાવતા ડ્રાઈવર કુમારસિંહ રણજીતસિંહ વાઘેલા અને એસઆરપી ગ્રુપ-૧૨ના કુંદન લક્ષ્મણસિંહ સોલંકી, જીલુભાઈ ભોજાભા કડ અને જયેશ રાજ સડાતનો સમાવેશ થાય છે. મુખ્ય સૂત્રધાર સોનુ ઉર્ફે સ્મિત પટેલ સહિત ૧૧ આરોપીઓએ કાવતરૂ રચી લૂંટને અંજામ આપતા એલસીબી પોલીસે ૯ આરોપીને પકડી પાડ્યા હતા જ્યારે સ્મિત પટેલ અને હિતેશ ઉર્ફે લાલો ફરાર હતા. આ ફરાર આરોપીને પકડવા માટે સે. ૨૧ પોલીસ ઈન્સ્પેક્ટર મનોજ ભરવાડે ટીમોને કામે લગાડી દીધી હતી. સ્મિત પટેલને પકડી પાડવા માટે ગાંધીનગર પોલીસે મહેસાણા જિલ્લામાં ધામા નાંખ્યા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે મહેસાણાના ગુડલક એપાર્ટમેન્ટ ખાતે વોચમાં ગોઠવાઈ જઈને સોનુ ઉર્ફે સ્મિત હરેશભાઈ પટેલને દબોચી લઈ તેની પાસેથી રૂ. ૭ લાખ રીકવર કરાયા હતા. જ્યારે પોલીસે હવે હિતેશ ઉર્ફે લાલાને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## જન્મદિને વધામણી



કિરીટ પટેલ
મો. ૯૪૨૮૪ ૦૭૬૧૧




દર્શન મારૂ
મો. ૯૫૮૬૨ ૮૭૪૪૭



અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨



મનસુખભાઈ પંચાલ



ધ્યાના રિતેશકુમાર સોની

## ખૂણેખાંચરેથી

- મહાત્મા મંદિર ખાતે ૧૨૦૦ બેડની હોસ્પિટલ બનાવવાની ચાલી રહેલી કામગીરી અંગે આજે અગ્ર સચિવ અંજુ શર્માની અધ્યક્ષતામાં ખાસ સમીક્ષા બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના સંક્રમણને લઈ ટ્રાફિકનું ભારણ ઘટ્યુ છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા બંગાળમાં ચૂંટણી પરિણામ પછીના હિંસાના બનાવોના વિરોધમાં આજે વોર્ડ નં. ૩, વોર્ડ નં. ૫, વોર્ડ નં. ૬, વોર્ડ નં. ૮, વોર્ડ નં. ૯, વોર્ડ નં. ૧૦માં વિરોધ પ્રદર્શન કરાયા હતા.
- વિપક્ષના નેતા પરેશ ધાનાણી, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાના નેતૃત્વમાં કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને મળ્યુ હતુ.
- જિલ્લાની હોસ્પિટલોમાં વીજ વપરાશને લઈ ટોરેન્ટ પાવર અને યુજીવીસીએલની ટીમોએ પણ ચકાસણીની કામગીરી હાથ ધરી છે. જરૂર પડ્યે હોસ્પિટલના ઈલેક્ટ્રીકસીટીના વપરાશને લઈ વીજભાર વધારવામાં આવશે.
- ગાંધીનગર મહાનગરપાલિકાએ તેની એમ્બ્યુલન્સ મેળવવા માટે હેલ્પલાઈન નં. ૮૧૪૧૮૦૦૭૫૧ જાહેર કર્યો છે જેના પરથી એમ્બ્યુલન્સ અંગેની વિગતો મળશે.
- ગ્રામીણ વિસ્તારોમાં દવાના જથ્થાને લઈ આજે રાજયમંત્રી મંડળની બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. ગ્રામીણ વિસ્તારોમાં દવાઓ ઝડપથી ઉપલબ્ધ બને તે માટે સૌએ રજુઆત કરી હતી.